ગાંધીનગર સમાચાર

શહેરમાં માર્ગ વચાળે રખડતા ઢોરોનો ત્રાસ યથાવત

# નોકરીની લાલચ આપી લાખ્ખો ઉઘરાવ્યા

## બે ઉમેદવારો પાસેથી તલાટી અને નાયબ ચિટનીશ બનાવી આપવા રૂ. ૨૫ લાખ ઉઘરાવનાર જુનિ. કલાર્કની ધરપકડ

ગાંધીનગર, તા.૮

વર્ષ ૨૦૧૪માં આવેલી રેવન્યુ તલાટી અને નાયબ ચિટનીશની ભરતીમાં ફોર્મ ભરનાર બે ઉમેદવારોને પાસ કરાવી આપવાની લાલચ આપીને તેમની પાસેથી રૂ. ૨૫ લાખ ઉઘરાવી લેનાર જુનિ. કલાર્ક પોલીસ સકંજામાં આવી ગયો છે. રૂપિયા લીધા બાદ પાસ ન થનાર બંને ઉમેદવારોએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા ગઈ મોડી સાંજે આરોપી જુનિ. કલાર્કની ધરપકડ કરી પોલીસે ઝીણવટભરી તપાસ શરુ કરી છે. બીજા કેટલા ઉમેદવારો પાસેથી તેણે પૈસા ઉઘરાવ્યા છે તેની પણ પુછતાછ શરુ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૪માં જે મહેસુલી તલાટી અને નાયબ ચિટનીશની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી તેની પરીક્ષા પાસ કરવા માટે મહેનત કરી રહેલા બે ઉમેદવારોને લાયબ્રેરી સે-૧૭ની બહાર તે સમયે એક સરકારી કર્મચારી મળ્યો હતો. રહેમરાયે નોકરી પર લાગેલા અને તે સમયે જુના સચિવાલય બ્લોક નં. ૧૬માં નોકરી કરતા આરીફ યુસુફ મનસુરી (રહે. બ્લોક નં. ૭૯/૬, જ ટાઈપ, સે-૨૧) અને તે સમયે સચિવાલયમાં નોકરી કરતો હોવાથી સાહેબો સાથે સારી ઓળખાણ હોવાનું કહીને તલાટીના સેટીંગ માટે ૧૫ લાખ અને નાયબ ચિટનીશના સેટીંગ માટે ૨૦ લાખનો ભાવ મુકયો હતો. તે સમયે દહેગામના બાબરા ખાતે રહેતા સુરેશ નાથુભાઈ ચૌધરી એ નાયબ ચિટનીશ માટે અને તેના સંબંધી રમેશ પ્રેમજીભાઈ ચૌધરીએ રેવન્યુ તલાટી માટે સેટીંગ કરવાની કવાયત કરી હતી. બંને ઉમેદવારો પાસેથી મળીને રૂ. ૨૫ લાખ આરીફ મનસુરીએ લઈ લીધા હતા અને બાકીના રૂ. ૧૦ લાખ નોકરીનો ઓર્ડર આવ્યા બાદ આપવાનું નક્કી થયું હતું. દરમિયાન રેવન્યુ તલાટીમાં ચંપાવત કૌભાંડ ખુલતા ભરતી રદ થઈ ગઈ અને નાયબ ચિટનીશમાં ઉમેદવાર પાસ ન થયો એટલે બંનેના રૂપિયા માથે પડયા હતા. રૂ. ૨૫ લાખ ઉઘરાવી લેનાર આરીફ મનસુરી સામે ઉમેદવારોએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા ગઈ રાત્રે પીએસઆઈ એ.ડી. ગોહીલે તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. આરીફ મનસુરી હાલ અમદાવાદ લાલ દરવાજા પાસે બહુમાળી બિલ્ડીંગમાં આવેલી સમાજ સુરક્ષા ખાતાની કચેરીમાં જુનિ.કલાર્ક તરીકે ફરજ બજાવે છે. આ શખ્સે અન્ય કેટલા ઉમેદવારો પાસેથી રૂપિયા ઉઘરાવ્યા છે? અને તે કોના ઈશારે કામ કરતો હતો તે સહિતની પુછપરછ હાથ ધરવામાં આવી છે.



## @ગાંધીનગર

● ગાંધીનગરની સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ખાતે શનિવારના રોજ સવારના ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન જુના સામયિકોનું વેચાણ વિતરણ કરવામાં આવશે.

● રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સેકટર-૨૩ ખાતે માસિક બેઠક મળશે.

● વિશ્વ કર્મા સમાજ દ્વારા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સેકટર-૧૨ સંસ્થાના હોલ ખાતે નિઃશુલ્કપણે મેડીકલ કેમ્પ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● શહેરમાં તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ ચાલી રહી છે જેને પગલે શહેરમાં સવારના સુમારે દબાણકારો અદશ્ય થઈ જાય છે ત્યારબાદ ફરીથી યથાસ્થાને આવી જાય છે.

● તલાટીની પરીક્ષાની તારીખ જાહેર થતાં વિદ્યાર્થીઓ મોડી રાત સુધી ઘરમાં વાંચન કરે છે તો બીજી તરફ વર્ગોમાં પણ વિદ્યાર્થીઓની હાજરી ફુલ થઈ જતાં સંચાલકોને મોડી રાત સુધી વર્ગો ચાલુ રાખવાની ફરજ પડે છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫




લાયોનેસ કલબ ગાંધીનગર અને અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘના સંયુકત ઉપક્રમે સાયકોલોજીકલ દ્ષ્ટિએ મેનોપોઝ વિષય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ત્રીઓને ચાલીસ વર્ષ પછી સતાવતી સમસ્યા (મેનોપોઝ) પર જાગૃતિ લાવવા પ્રમુખ વૈશાલી જોષીની આગેવાની હેઠલ કાર્યક્રમ યોજાયો હતો. જેમં કલનીકલ સાયકાટ્રીકસમાંમેનોપોઝ વિષય સાથે પીએચડી થયેલા ડૉ. રુતુજા કરખાનીસ દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શર્મિષ્ઠાબેન દવે, પલ્લવીબેન ગુપ્તે, દક્ષા જાદવ, લીનાબેન મહેતા, ઉષાબેન ગજ્જર તથા લાયોનેસ કલબ અને અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘના સભ્યો પણ હાજર રહ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

# દોલારાણા વાસણામાં રાત્રે જુથ અથડામણ : સામ-સામે પથ્થરમારો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ચિલોડા નજીક સ્થિત દોલારાણા વાસમા ગામમાં ભાગોળે વાહન પાર્કીંગ બાબતે દરબાર અને ઠાકોર બંને જુથો સામસામે આવી ગયા હતા અને રાયોટીંગનો ગુનો નોંધાયો હતો. આ અદાવતમાં ગઈ રાત્રે ફરી જુથ અથડામણ થવા પામી હતી અને લાકડી ધોકા અનેપાઈપો સાથે ટોળા નીકળી પડયા હતા. સામ-સામે પથ્થરમારો થતા પરિસ્થિતિ તંગ થઈ જવા પામી હતી. મામલો થાળે પાડવા પહોંચેલી પોલીસની ગાડીમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. પોલીસે ૧૭ વ્યકિતની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા જયારે ૧૦ હજુ વોન્ટેડ છે. આ

**રાયોટીંગની અદાવતમાં રાત્રે પરિસ્થિતિ વણસી : પોલીસની ગાડીમાં પણ તોડફોડ : ૧૭ની ધરપકડ : ૧૦ વોન્ટેડ**

ધરપકડ કરાયેલી વ્યકિતઓમાં કેટલાક નિર્દોષને પણ પકડી લેવાયા હોવાનો આક્ષેપ છે.

દોલારાણા વાસણાની ભાગોળમાં બાઈક પાર્ક કરવાની બાબતે અલ્પેશસિંહ રાઠોડ પર છ શખ્સોએ હુમલો કર્યો હતો. તમામ છ શખ્સો સામે રાયોટીંગનો ગુનો નોંધાયો હતો. રાયોટીંગના આ બનાવની અદાવતમાં ગઈ રાત્રીએ જુથ અથડામણ થઈ હતી. દરાબાર અને ઠાકોર સમાજના યુવાનો લાકડી, પાઈપો અને ધોકા લઈ સામ સામે આવી ગયા હતા અને પથ્થરમારો થયો હતો. એએસપી કરણરાજ વાઘેલા તથા ચિલોડા પીઆઈ તેમની ટીમો સાથે ઘટના સ્થળે પહોચી ગયા હતા. પોલીસની ગાડીના કાચ અને બોનેટ પર ધોકા મારીને તોડફોડ કરી નાંખી હતી. માંડ શાંત પડેલી આ જુથ અથડામણને અંતે પોલીસે ઘરમાં ઘુસીને એક પછી એક ૧૭ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. પીએસઆઈ જે.બી. ચાવડાની ફરિયાદને આધારે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, જી.પી. એકટ ૧૩૫ અને જાહેર મિલકતના નુકશાનના ગુના હેઠળ ૨૭ શખ્સો સામે ગુનો દાખલ કરી પીએસઆઈ વી.એ. પઠાણે વધુ તપાસ શરુ કરી છે. આ પ્રકરણમાં ૧૭ની ધરપકડ કરાઈ ગઈ છે જયારે ૧૦ હજુ ફરાર છે. પોલીસે મનફાવે તેમ ધરપકડ કરી હોવાનો આક્ષેપ પણ થવા પામ્યો છે.

# સાહિત્ય સભા દ્વારા ‘સર્જકની કેફિયત’ નો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૧૦મી જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેકટર-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે ‘સર્જકની કેફિયત’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જાણીતા સાહિત્યકાર અશોકપુરી ગોસ્વામી દ્વારા રચિત ગઝલોની મહેફિલ સજાવવામાં આવે નગરના સાહિત્યકારો સાહિત્ય રસિકો તેમજ સાહિત્ય સભાના સભ્યોને હાજર રહેવા પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે.

# કોબા પાસેની હોટલમાં શ્રમ અધિકારીનો દરોડો

## ૧૩ વર્ષના કિશોર પાસે બાળ મજુરી કરાવનાર હોટલ સંચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક કોબા પાસે સ્થિત વાળીનાથ હોટલમાં બાળ મજુરી કરાવાતી હોવાની માહિતીને આધારે શ્રમ અધિકારીએ દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. ૧૩ વર્ષના કિશોર પાસે મજુરી કરાવાઈ રહી હોવાનું ધ્યાને આવતા બાળમજુરને મુકત કરાવી હોટલ સંચાલક સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના સરકારી શ્રમ અધિકારી બી.ડી. પ્રજાપતિની ટીમને માહિતી મળી હતી કે કોબા સર્કલ પાસે આવેલી હોટલ વાળીનાથ ખાતે ૧૩ વર્ષના બાળ મજુરને નોકરીએ રાખવામાં આવ્યો છે. કિશોર પાસે મજુરી કરાવવામાં આવી રહી હોવાની મહિતી મળતા જ હોટલ વાળીનાથમાં તેમની ટીમ સાથે પહોંચી જઈ શ્રમ અધિકારીએ દરોડો પાડીને તપાસ શરુ કરી હતી. તપાસ કરતાં બાળક મજુર મળી આવતા બાળ મજુરને મુકત કરાવીને શ્રમ અધિકારીએ હોટલ સંચાલક ભરતભાઈ છોટાભાઈ પટેલ સામે જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ડોકયુમેન્ટરી અને પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૧૨મી જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે સાર્વત્રિક ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સ્વામીજીના જીવન અને કાર્યોથી પરિચિત થાય તેવા હેતુથી સેકટર-૨૦, યુનિવર્સિટી ખાતે બપોરના ૧૨ થી ૪ કલાક દરમિયાન સ્વામી વિવકાનંદ જીવન અને કાર્ય સંબંધી ડોકયુમેન્ટરી અનો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરની શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ સહભાગી બનાશે. આમ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કમલામણી રાવે જણાવ્યું છે.

# શહેરમાં માર્ગ વચાળે રખડતા ઢોરોનો ત્રાસ હજુ યથાવત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના માર્ગો પર આવેલા સેન્ટ્રલવર્જ ને રખડતા ઢોરોએ પોતાનો અડ્ડો બનાવી દીધો છે. તંત્ર દ્વારા સેન્ટ્રલવર્જમાં પ્લાન્ટેશન કરવામાં આવે તો રખડતા ઢોરનો અડ્ડો બંધ થઈ શકે છે.



ગાંધીનગર શહેરમાં આવેલા વિવિધ માર્ગોની વચાળે તંત્ર દ્વારા સેન્ટ્રલવર્જ તૈયાર કરવામાં આવ્યાં છે. દરેક માર્ગની એક આગવી ઓળખ બની રહે તે માટે તંત્ર દ્વારા અવનવા ફુલ-છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. શહેરમાં સેન્ટ્રલવર્જના પ્રારંભ સમયે લાલ, લીલા, ગુલાબી, પીળા, સફેદ સહિતના ફુલોને પરિણામે માર્ગોની આગવી ઓળખ ઉભી થવા પામી હતી. પરંતુ તંત્રની યોગ્ય જાળવણીના અભાવે ફુલ-છોડ ગાયબ થઈ ગયા છે અને શહેરના કેટલાક માર્ગોના સેન્ટ્રલવર્જ કંગાળ ભાંસે છે. સેન્ટ્રલવર્જમાં પ્લાન્ટેશનના અભાવે અત્યારે હાલ રખડતા ઢોરોએ અડીંગો જમાવી દીધો છે. રખડતા ઢોર ગમે ત્યારે માર્ગ વચાળે આવતા અકસ્માત સર્જાય છે. જેને પગલે શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે. ગાંધીનગર શહેરની સ્માર્ટસીટીમાં ગણના થતા જ સરકારી તંત્ર નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા કામે લાગી ગયું છે. એક મહિનાથી દબાણ તંત્રની ઝુંબેશ ચાલી રહી છે જે અંતગર્ત શહેરમાંથી લારી-ગલ્લા, ઝુંપડા સહિતના દબાણો દુર કર્યા છે. શહેરના સર્કલો પર વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા દબાણકારોને તંત્રએ ખદેડી નાંખ્યા છે. તો બીજીતરફ નગરમાં રખડતા ઢોરનો ત્રાસ વર્ષોથી યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં વાયબન્ટ સમિટ વખતે તંત્રની લાલ આંખથી રખડતા ઢોર કેવા માર્ગો પરથી ગાયબ થઈ જાય છે. તંત્ર શહેરને દબાણ મુકત બનાવા તરફ જઈ રહ્યું છે ત્યારે રખડતા ઢોરના ત્રાસમાંથી મુકિત અપાવી સેન્ટ્રલવર્જમાં ફરી નવું પ્લાન્ટેશન થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# શ્રીનાથ ચરિત્રામૃત કથા અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૮

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર ગુજરાત પ્રદેશ દ્વારા શ્રીનાથ ચરિત્રામૃત કથા રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ટાગોર હોલ પાલડી, અમદાવાદ ખાતે આગમી તા.૩૧ જાન્યુઆરી થી ૬ ફેબુઆરી સમય ૩ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

ગાંધીનગર સમસ્ત વૈષ્ણવ વણિકના પ્રમુખ જશવત ગાંધીએ આ અંગે માહિત આપતા જણાવ્યું હતું કે સમસ્ત વૈષ્ણવજનોના કલ્યાણ અર્થે શ્રીનાથ ચરિતામૃત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાનું શ્રી વલ્લભકુળ ભુષણ યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો ૧૦૮ શ્રી વ્રજરાજકુમારીજીના મુખે થી કથા રસપાનના અનેરા અવસરનો લાભ લેવા શહેરના વૈષ્ણવજનોને જણાવાયું છે. અમદાવાદ ખાતે આયોજીત કથાનો મુખ્ય હેતું વિશ્વભરના ગુજરાતી વૈષ્ણવ વણિક પરિવારોમાં સ્નેહસેતુની રચના થાય, પરસ્પરની કુનેહસવિશિષ્ટ ક્ષમતા, સામાજીક પ્રતિભા તથા પ્રતિષ્ઠા થકી વિશ્વભરમાં સમાજની આગવી ઓળખ તેમજ અનિવાર્યતા ઉભી કરવી,ઉચ્ચ શિક્ષણ અને સંશોધન દ્વારા ઉપાર્જીત તબીબીજ્ઞાન, આધુનીક ટેકનોલોજી કે અન્ય ક્ષેત્રમાં સમાજના તજજ્ઞોની સુઝ અને જ્ઞાનનો લાભ સૌને પ્રાપ્ત થાય તેવા પ્રયાસો, સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મભાવ બાળકો તેમજ યુવાનોમાં જળવાય તે માટે વિવિધ કાર્યક્રમો, મજબુત સંગઠન શકિતનું પ્રતિપાદન અને પ્રદર્શન તેમજ વૈષ્ણવ વણીક સંપ્રદાયમાં જીવનસાથી પસંદગીને વિશાળ તક મળી તેમ છે.

# પતંગ રસિયાઓ ઉંધિયા-જલેબીની જયાફત માટે ઉત્સુક

## ચટાકેદાર ઉંધિયુ તૈયાર કરવા ગૃહિણીઓ શાકમાર્કેટ તરફ

ગાંધીનગર, તા.૮

આકાશનો રંગબેરંગી બનાવતા ઉત્તરાયણ પર્વનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે નગરજનો મકરસંક્રાંતિના પર્વ ની ઉજવણીને લઈ ઉત્સુક બન્યા છે. પતંગના વેચાણની સાથે ચટાકેદાર ઉંધિયા અને જલેબીની સ્વાદિષ્ટ ડીશ તૈયાર કરવા ગૃહિણીઓ તૈયારીમાં લાગી ગઈ છે. બજારમાં ૨૦૦ રૂપિયે કિલો ઉંધિયુ અને ૪૪૦ રૂપિયે કિલો જલેબી વેચાયછે. જો કે ઉંધિયાની રેસીપીને સરળ બનાવવા ગૃહિણીઓ અવનવા નુસ્ખા અજમાવી રહી છે. ઉંધિયાની બનાવટમાં ઉપયોગમાં લેવાતા સાફ કરેલા અને ફોલેલા શાકભાજીની પણ ખરીદી થઈ રહી છે.

રંગબેરંગી પતંગો ચગાવવાની મજા માણવાની સાથે પતંગ રસીયાઓ ચટાકેદાર ઉંધિયાનો સ્વાદ માણવા પણ ઉત્સુક બન્યા છે.





(તસવીર : દિપક જાની)

પતંગ-દોરીનું પર્વ નજીકમાં છે ત્યારે નગરજનો ધાબા અને અગાશીઓ ચોખ્ખી કરવામાં લાગી ગયા છે. ધાબા પર પતંગના પેચની સાથે અવનવી સ્વાદિષ્ટ વાનગીઓ ખાવાની પણ પતંગ રસિયાઓ મજા લૂંટે છે. જો કે ઉત્તરાયણના પર્વમાં મોટા ભાગના પતંગ રસિકો માટે ઉંધિયુ જલેબી હોટ ફેવરીટ હોય છે ત્યારે ગૃહિણીઓની નજર પણ વિશેષ રીતે શાકમાર્કેટ તરફ મંડરાય છે.

ઉત્તરાયણ તહેવારમાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી બજારોમાં પર્વની ઉજવણીને લઈ ચીજવસ્તુઓ વેચાતી નજરે પડે છે. શાકમાર્કેટમાં પણ આ તહેવારમાં ખવાતા સ્વાદિષ્ટ પકવાન માટેના શાક પણ બજારોમાં આવી ચુકયા છે. ઉત્તરાયણના દિવસે મોટા ભાગના લોકો ઉંધીયા પાર્ટી કરતા હોય છે. ઉંધીયુ ગુજરાતની એક પરંપરાગત વાનગી છે. હાલ નગરના શાક માર્કેટોમાં પણ ઉંધિયામાં વપરાતી તમામ પ્રકારની શાકભાજીઓનું આગમન થઈ ચુકયું છે. ઉંધિયામાં વપરાતા શાકભાજીઓમાં ૧ કિલો દિઠ ભાવમાં વટાણા ૩૦ રૂપિયે કિલો, તુવેર ૩૦ રૂપિયે કિલો, બટાકા ૧૦ રૂપિયે કિલો, રતાળુ ૮૦ રૂપિયે કિલો, રીંગણા ૩૦ રૂપિયે કિલો, મેથી ૩૦ રૂપિયે કિલો, ગાજર ૨૦ રૂપિયે કિલો, સુરતી પાપડી ૫૦ રૂપિયે કિલો, વાલોળ ૪૦ રૂપિયે કિલો, લીલા મરચા ૫૦ રૂપિયે કિલો, ફલાવર ૩૦ રૂપિયે કિલો સહિતની તમામ શાકભાજીઓથી વાનગી તૈયાર કરવામાં આવે છે.

શાક માર્કેટોમાં ગૃહિણીઓને ઉંધિયુ તૈયાર કરવામાં સમયની બચત થાય તે હેતુથી તેમજ ઉંધિયાની વાનગી સહેલાઈથી તૈયાર કરી શકાય તે માટે બજારમાં રેડીમેડ ફોલેલા દાણા જેવા કે તુવેર, વટાણા, વાલોળ વગેરેના ફોલેલા અને સાફ કરેલા દાણા વેચાતા જોવા મળી રહ્યા છે જેના કારણે વધુ પ્રમાણમાં ઉંધિયુ તૈયાર કરવામાં ગૃહિણી તેમજ ઉંધિયાના વેપારીઓને પણ સહેલું પડશે.

# ગાંધીનગર સાંઈ રમતગમત સંકુલમાં વિકલાંગો માટે રાજય કક્ષાનો રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૮

પેરાલિમ્પિક કમિટિ ઓફ ગુજરાત તથા ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ અમદાવાદ દ્વારા તા. ૧૦મી જાન્યુઆરીને રવિવાર નેતાજી સુભાષ પશ્ચિમ ક્ષેત્ર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સે-૧૫ ગાંધીનગર ખાતે ફિઝીકલી હેન્ડીકેપ્ડ માટે રાજય કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી ૫૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

આ રાજયકક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં દોડ, ચક્ર ફેંક, ભાલાફેંક,ગોળા ફેંક, ઉંચો કુદકો, જેવી વિવિધ જુનિયર, સબજુનિયર અને સીનીયર વય જૂથમાં રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રમત ગમત ક્ષેત્રના નિષ્ણાંત નિર્ણાયકો, પંચો રેફરીઓ તેમનું કાર્ય કરશે. રાષ્ટ્રીય કક્ષાએથી રાષ્ટ્રીય મંડળના પ્રતિનિધિ હાજર રહીને રમત ગમતને યોગ્ય માર્ગદર્શન આપી આગામી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં જનાર ખેલાડીઓની તાલીમ, કોચ, પ્રશિક્ષણ અને સ્પર્ધામાં ભાગ લેવા માટેની જવાબદારી નિભાવશે.

સાંઈ સંકુલ સેકટર-૧૫ ખાતે ૧૦ જાન્યુઆરીએ સવારે ૯ કલાકે આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં રમતોત્સવ ખુલ્લો મુકવામાં આવશે અને વિજેતા રમતવીરોને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. શિવાજી મંગાજી ઠાકોર, ઉ.વ. ૫૨
- સ્વ. મનુભાઈ બાબુલાલ ભાવસાર, ઉ.વ. ૫૭